# ઉપકૃત છીએ-આપના અમે

**શ્રી પ્રેમાભાઈ લાલભાઈ પટેલ**
**પ્રમુખ**
**શ્રી કામેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટ, ગડત**
**તા.ગણદેવી**

''જીવનની પ્રાકૃત ગતિમાંથી કોઈ લોકોત્તર ઝંખના, ગતિ-પ્રગતિ-માટેની કોઈ તમન્ના, આપણામાં જાગવી જોઈએ. અનંતસહ, અન્ય માટેનો નાનો સરખો પુકાર, નાનું સરખું સ્ફૂરણ આપણામાં જાગવું જોઈએ!''- કવિ સુન્દરમ્

સદાચારની મઘમઘતી સૌરભ તો દેવતાઓ સુધી પહોંચે છે!

'' ।। गौरवं प्राप्यते दानात् ॥'' એ આશાનું નવલું પ્રભાત બની જાય છે.

આર્ય સંસ્કૃતિથી શોભતા ભારતે, પ્રભુકૃપા, આશીર્વાદ, અનેકોની શુભેચ્છાઓ, સદ્ભાવ, સદાચાર અર્થાત્ સુસંસ્કૃત, સુવર્ણમય સહકાર વડે જ વિવિધ ક્ષેત્રીય વિકાસનાં અનેક મહાન શિખરો સિદ્ધ કર્યાં છે!!

ધન કે અન્ય ભૌતિક ચીજવસ્તુઓનો જ ''સહાય'' કે દાનમાં સમાવેશ થાય એવું નથી હોતું. સેવા, સહાય કે દાનના અનેક પ્રકારો સમાજમાં જોવા મળે છે. એ મુજબ, આપ સૌ તરફથી ધનનો અણમોલ ભંડારની સાથે સાથે વિવિધ ક્ષેત્રીય સહકારનું પણ આ કામેશ્વર સંકુલમાં યોગદાન થતું રહ્યું છે, જેનો અત્રે આત્મીય ભાવપૂર્વક સ્વીકાર કરતાં કરતાં... ભારોભાર લાગણીવશ બનીને, અમે સૌ એ દાન અને આપ સૌના ગજબના વિવિધ પ્રશંસનીય, ધર્મભાવના સભર સહકારથી ખૂબ ખૂબ પ્રભાવિત બની, આપ સૌને આભારયુક્ત ધન્યવાદ અને આનંદસભર અભિનંદન પાઠવીએ છીએ.

ખૂબ જ વિનમ્રભાવે પ્રગટેલ અમારી આ લાગણીઓનો આપ સૌ સ્વીકારશો એ શ્રદ્ધા સહ.

રૂા. ૧,૦૦૦/- કે એની ઉપરના નાણાંકીય સહકારી આપનાર દાતાનું લીસ્ટ આ આભાર પત્રની સાથે રજૂ કરવામાં આવ્યું છે. રૂા. ૧,૦૦૦/- નીચેના દાતાઓનું નામ, સ્થળ સંકોચને કારણે (વિપુલ પ્રમાણમાં નામો હોવાથી) અત્રે રજૂ નહીં કરી શકવાનો, અમને ખૂબ સંકોચ છે જ... છતાં આપનો પણ એ અણમોલ સહકારની હૃદયપૂર્વક કદર કરીએ જ છીએ. આપ સૌનો કોટિ કોટિ આભાર.

પ્રાપ્ત થયેલ અપાર સહકાર વિષયક, આટલી રજૂઆત ઉપરાંત, બીજી પણ આ સંકુલને મળેલ, વિવિધ પ્રકારનો સહકાર વિશે, નીચે મુજબ ઉલ્લેખાયેલ યોગદાન વિશે, મને વિશ્વાસ છે કે, એમના મહત્ત્વને રસપૂર્વક, હર્ષપૂર્વક સ્વીકારશો.

આ સંકુલની ઉત્તરોત્તર થયેલ-થઈ રહેલ-હરણફાળ પ્રગતિમાં એવી પણ આદરણીય અનેક વ્યક્તિઓનો, નાનો મોટો, અમૂલ્ય અનન્ય, અજોડ, અભૂતપૂર્વ ફાળો છે જેમાં એઓનાં તન પણ છે... મન પણ છે... અને એ સહકારમાં પરોક્ષ રીતે (છૂપાયેલ) અપાર ધનરાશિ પણ રહેલ છે તથા સમય અને અપાર શક્તિનું પણ નિહિત દાન છે!! સાગર હૃદયધારી એવી વ્યક્તિઓની કિંચિત વાસ્તવિક માહિતી આપવાનું, આ ટાણે મુજ ઉચિત ધર્મકાર્ય ગણાશે.

એવી પ્રતિભાઓ પૈકી એક તે, ગંઘોર ગામના નવયુવાન, સદાય સદાચારને નવપલ્લવિત કરનાર, એક અજોડ કર્મશીલ, સ્થાપત્ય કલા સર્જનવીર આર્કીટેક્ટ શ્રી કેયુરભાઈ સુમનભાઈ નાયક માસ્ટર પ્લાન, મંદિરનો પ્લાન, સત્સંગ હોલ, કેન્ટીન તથા પ્રવાસની અને ગ્રાન્ટનાં કામો અંગે કોઈપણ જાતની ફી (જે અંદાજીત રૂા. ૧૨,૫૧,૦૦૦ જેટલી થાય છે.) વિનાની ત્વરિત સેવા તથા જાતદેખરેખ હેઠળ, જીર્ણોદ્ધારથી આરંભ કરી, યદ્યાપિપર્યંત એનું નિર્માણકાર્ય, સલાહસૂચન વગેરેની એમની કામગીરી તણું સેવા ચક્ર ગતિમાન છે. માલસામાનની ખરીદી માટે, ટ્રસ્ટીઓ સાથે, રાજસ્થાન સુધી સ્વખર્ચે અને સમય, શક્તિ તણા દાનની સાથે...સાથે, આર્કિટેક્ટનો ધીકતો એમનો પ્રસિદ્ધ વ્યવસાય હોવા છતાં, ઉપરોક્ત તમામ માનદ્ સેવા વડે, એઓશ્રી નૂતનપેઢીની ભવ્યપ્રેરણામૂર્તિ બની રહ્યા છે!

એક અભિલાષા- હે શંકરદાદા, સમાજને ઘણા બધા કેયુરભાઈ અર્પો!!!

વર્ષો પૂર્વે જર્મનીથી પધારી, નવસારી નગરીમાં ઈલેક્ટ્રીક અંગેના વ્યવસાયનો આરંભ કરી, એ વ્યવસાયને શિખરસ્થાને લઈ જનાર, આ કામેશ્વરક્ષેત્રમાં, પ્રભુકૃપા થકી અનાયાસ જ પ્રવેશ પામી એ સંકુલને પોતાની યથાશક્તિ વડે, સદા સૌના સહકાર-સમન્વય વડે, સંકુલના શ્રેષ્ઠત્તમ વિકાસને ચરમસીમાએ પહોંચાડવા અવિરત પ્રયત્નશીલ રહેનાર શ્રી નરેન્દ્રકુમાર મગનલાલ નાયક (ગડત/નવસારી) નો ફાળો અનન્ય છે. શિવાલયનું ભૂમિપૂજનથી માંડી સંકુલના પૂર્ણ સર્જન માટે, આવશ્યક નિષ્ણાંત, પ્રતિભાશાળી વ્યક્તિઓની સાથે સાથે સમર્થ દાતાઓની સતત ખોજ, બંધારણ અંગે, વહીવટી પાંખ તથા સરકારશ્રીનો સહયોગ અંગે, સંકુલના કોઈપણ અવસર નિમિત્તે, મિત્રો સાથેની સદા દોડધામમાં વપરાયેલ પોતાની સર્વાંગી શક્તિ અને સ્વ (પોતાના) સમયના પ્રદાન વિશે વર્ણન કરવું શક્ય નથી. આરંભથી જ શરૂ કરી, મંદિર, સત્સંગ હોલ, કેન્ટીન, રસ્તા પરનું કેબલવર્ક અંગેનું તમામ ઈલેક્ટ્રીક સરસામાન, મજૂરી સહિત વિનામૂલ્યે (જેનું અંદાજીત મૂલ્ય રૂા.૧૪,૫૧,૦૦૦ જેટલું થાય છે.) ટોટલ ઈલેક્ટ્રીફીકેશનનું સ્વપિતા શ્રી મગનલાલ પરાગજી નાયકના સ્મરણાર્થે, એમના સુપુત્રો અને પ્રપૌત્રો તરફથી દાનસ્વરૂપે મળેલ આ સહયોગમાં એઓ કેન્દ્રસ્થાને છે. જય કામેશ્વર!

ડો. શ્રી ગિરીશભાઈ જી. નાયક, શ્રી નરેન્દ્રભાઈ એમ. નાયક તથા આર્કિટેક્ટ શ્રી કેયુરભાઈ એસ. નાયક તથા અન્ય સાથીદારો સાથે આ શિવાલયના જીર્ણોદ્ધારથી આરંભ કરી, મુંબઈથી અમદાવાદ, જયપુર કે એવા અનેક જરૂરી સ્થળો પ્રતિ આવનજાવન વેળા, ટ્રસ્ટ નિર્માણકાર્ય માટે, પ્રવાસધામમાં આ સંકુલની સ્વીકૃતિ મેળવવા અંગે, માસ્ટર પ્લાન, ગ્રાન્ટ માટે તથા સંકુલના મંગલમય અનેક અવસરો વિષયક અનેક મહાનુભાવોના સંપર્ક કાજ સ્વવાહનોમાં વિનામૂલ્યે કરેલ યાત્રા દરમિયાન, સમય શક્તિનું કરેલ નિઃસ્વાર્થ મહાન યોગદાન સાચે જ અદ્વિતીય છે! એઓનો ગતિશીલ આ સેવારથ પ્રશસ્ય છે!

સુરત મહાનગરીના માનનીય, જેમણે બંનેએ રાષ્ટ્રપતિ એવોર્ડ પ્રાપ્ત કર્યા છે. એવા પિતા-પુત્ર, પિતાજી સ્વ.છનુભાઈ શાસ્ત્રી અને સુપુત્ર શ્રી નિલકંઠભાઈ શાસ્ત્રીના માર્ગદર્શન હેઠળ, આ શિવાલયની પશ્ચિમ બાજુએ આવેલ, નવગ્રહમંદિરનું ૧૯૮૬માં પુનઃનિર્માણ કરાવનાર સ્વ.શ્રી ગુલાબભાઈ ઝીણાભાઈ નાયક (ગડત) ના

સુપુત્ર, શિવપ્રેમી તથા માનવતાવાદી ડૉ. શ્રી ગિરીશભાઈ જી. નાયક અને એમના પરિવારની આ સંકુલ પ્રતિ સદા વહેતી રહેતી... અસીમ ભક્તિ અને સહકારીની પ્રગટતી સરવાણી આવકારદાયક છે!

તા.૨૮-૪-૨૦૧૩ના દિવસે, આ સંકુલ તરફથી, આ વિભાગના કેટલાક ''માનવ રત્નોનું'' સન્માન કરવામાં આવ્યું હતું, એ વેળા, કામેશ્વરનો પ્રાચીનતમ ઈતિહાસ દર્શાવતું એક પુસ્તક ''નમામિ કામેશ્વરમ્'' નું વિમોચન કરવામાં આવ્યું હતું. એ પુસ્તકના રચયિતા-ગુજરાત સરકારના પુરાતત્ત્વ વિભાગના અને પ્રાચીન ગુજરાતના સ્થળોના પ્રખર જ્ઞાનવિદ્દ, ઈતિહાસકાર, મોટાપોંઢા કોલેજના નિવૃત્ત આચાર્ય, દીનહીન સમાજના પ્રખર ગાંધીવાદી સેવક એવા ડો. શ્રી બી. એન. જોષી સાહેબે, આપણા આ સંકુલમાં અનેકવાર પ્રત્યક્ષ મુલાકાત લઈ, ચર્ચાવિમર્શ કરી, રસપૂર્વક વડોદરા મહારાજાના વિરાટ પુસ્તક ભંડારમાંથી અને અનેક તીર્થોમાં જઈ વિનામૂલ્યે, જાતમહેનત દ્વારા માહિતી એકત્ર કરેલ એ માહિતીનું આ અણમોલ પુસ્તકની કદર કરીએ તેટલી ઓછી છે!

ટ્રસ્ટની રચના તથા જિર્ણોદ્ધાર સમિતિનો સમગ્ર અહેવાલ કાનૂની સલાહ સૂચનો તેમજ આજ સુધીના તમામ એકાઉન્ટનું ઓડીટીંગ કરી ઈન્કમટેક્ષ તથા ચેરીટીકમિશ્નરમાં વિનામૂલ્યે રજૂ કરનાર, પ્રોજેક્ટ કન્સલટન્ટ ખૂબ જ પ્રસિદ્ધિ એવા આપણને અનન્ય સહયોગ અર્પનાર આદરણીય શ્રી વિનોદભાઈ ઘેલાભાઈ દેસાઈ (સી.એ.) (ગણેશ સિસોદ્રા-હાલ નવસારી) આપની આ સેવાથી અમારું સંકુલ ધન્ય બન્યું છે! ખરેખર.

એ જ રીતે- કાયદાકીય સલાહસૂચનો તથા કાનુની પ્રક્રિયા દરમિયાન માનદ્ સેવા આપનાર, માનવંતા એડવોકેટ શ્રી કનુભાઈ લલ્લુભાઈ પટેલ (નવસારી) તથા માનનીય નોટેરીયન શ્રી નટુભાઈ સી. પટેલ (અડદા) આ બંનેની મળેલ માનદ્ સેવાનું મૂલ્ય પણ ખૂબ ખૂબ છે!

ખૂબ જ પુનિતભાવે, કેટલાયે સદ્દ્વિચારધારી સજ્જન ભક્તો એ પણ ભાવપૂર્વક આપણને અતિશય, સહૃદય, સહકાર આપ્યો છે! તેઓ સૌ સ્નેહીજનોની સેવા સ્વીકારી હર્ષપૂર્વક કૃતજ્ઞતાની ભાવભીની લાગણી પ્રગટ કરતાં... કરતાં ખૂબ જ અહોભાવ રજૂ કરું છું.

- મંદિરના ભવ્ય નિર્માણમાં શિલ્પકાર, પ્રો. લક્ષ્મીહસ્ત કલા, કબીલપોરના શ્રી ગણેશ ચૌહાણ તથા ગડતના લાડલા ભાણેજ શ્રી પરેશ મિસ્ત્રી (બોદાલીકર) ના મંદિર, સત્સંગ હોલ તથા મંદિર નિર્માણના તમામ બાંધકામો સ્વયં નિગરાની હેઠળ સિવિલ કોન્ટ્રાક્ટનું કામ કરનારને શ્રી કામેશ્વર ટ્રસ્ટ ઋણ સ્વીકાર કરે છે.
- જીર્ણોદ્ધાર દરમિયાન માટીકામ તથા મટીરીયલ વહન કરવા માટે, આ વિભાગના ઉદાર કિસાનો તરફથી ટ્રેક્ટરની વિનામૂલ્યે સેવા પ્રાપ્ત થઈ હતી. (૧) ડો. શ્રી ગિરીશભાઈ જી. નાયક-ગડત (૨) શ્રી દિલીપભાઈ સી. નાયક -ગડત (૩) શ્રી ડાહ્યાભાઈ બી. આહિર - ગડત (૪) શ્રી મુકુન્દભાઈ બી. નાયક - સાલેજ (૫) શ્રી ગિરીશભાઈ બી. નાયક - વેગામ (૬) શ્રી કિશોરભાઈ બી. નાયક - ગડત

મીની ટ્રેક્ટરની સેવા શ્રી અનિલભાઈ ગુલાબભાઈ નાયક (ગડત) અને શ્રી અનિલભાઈ રણછોડજી નાયક (ગડત) તરફથી આ સંકુલને પ્રાપ્ત થઈ હતી.

- આ શિવલીંગના ગર્ભગૃહના નિર્માણ માટે ગડત ગામના શ્રી નિલેશભાઈ અમૃતભાઈ દેસાઈ

તથા શ્રી ખુશાલભાઈ જીવણજી લાડ તરફથી જરૂરી તમામ ઈંટનો જથ્થો (અનુક્રમે અંદાજીત રૂા. ૫૧,૦૦૦ અને રૂા. ૫૧,૦૦૦ જેટલો થાય છે.) વિનામૂલ્યે પૂરો પાડી શિવાલયના નિર્માણકાર્યમાં સહકાર સીંચ્યો હતો.

- ''શ્રી કામેશ્વર સીમેન્ટ પ્રોડક્ટ અને પાઈપ કું.'' ચીખલી તરફથી (૧) ટ્રક સીમેન્ટ તથા નહેરના અન્ડરગ્રાઉન્ડ માટે એક મીટર ડાયામીટરની સાઈઝના સીમેન્ટ પાઈપો સપ્લાય વિનામૂલ્યે કરનાર (જેની અંદાજીત રકમ રૂા. ૧,૦૦,૦૦૦ જેટલી થાય છે.) ગણદેવીના શ્રી લાભુભાઈ ચાવડા આપશ્રીની અમે આ સેવાની કદર કરીએ છીએ.
- આ દેવાલય માટે લગભગ વીસેક ફૂટ લંબાઈ અને ૧૫'' વ્યાસનો તાંબાનો એક પાઈપ (અંદાજીત રૂા.૩૫,૦૦૦) સપ્રેમ અર્પણ કરનાર નવસારીના સજ્જન શ્રી મહેશભાઈ કંસારાને ધન્યવાદ.
- સંકુલમાં આવેલ યજ્ઞમંડપના સાગી લાકડાંને, સાઈઝ પ્રમાણે વિનામૂલ્યે વહેરી આપનાર તથા શિવાલયના ગર્ભગૃહના મુખ્ય પ્રવેશદ્વારનાં તમામ સાગી લાકડાં વિનામૂલ્યે આપનાર, ગણદેવી તોરણગામ (રોડપર) ના સૂર્યવિજય સોમિલના માલિક મહોદય શ્રી ધરમસિંહ દેવજીભાઈ પટેલની સેવા પ્રશસ્ય છે.
- યજ્ઞમંડપ તથા મંદિરના નવનિર્માણમાં કિફાયત ભાવે સાગી લાકડાં અપાવનાર શ્રી વલ્લભભાઈ પટેલ (નાના), ફોરેસ્ટ ખાતાના ઓફિસરો અને આ યજ્ઞમંડપનું પૂર્ણ નિર્માણ કરનાર શ્રી ભીખુભાઈ મિસ્ત્રી આપ સૌએ પણ અનેરી સેવા સીંચી છે.
- વિભાગની વિવિધ સહકારી સંસ્થાઓ જેવી કે, ગડત સહકારી મંડળી, ખારેલ સહકારી મંડળી, અમલસાડ સહકારી મંડળી, ગણદેવી તાલુકા સંઘ, ગડત સિંચાઈ મંડળી, દૂધ મંડળી ગડત તેમજ અંબિકા હાઈસ્કૂલ ગડત અને રોટરી ક્લબ ગણદેવી દ્વારા મળેલ અનન્ય સહકારનો અમો ઋણ સ્વીકાર કરીએ છીએ.
- પોતાના કલાત્મક વ્યવસાય તથા રોટરીમાં આરંભથી જ ખૂબ જ વ્યસ્ત રહી બૃહદ વિભાગમાં અનેક ક્ષેત્રીય સેવા પ્રદાન કરનાર સદાય ખુશમિજાજ પ્રકૃતિવાળા, ઉત્સાહી અને કલાગુરુ શ્રી જશુભાઈ સાહેબના તરવરાટ સભર સુપુત્ર ''પ્રિન્ટોપ'' દ્વારા સમાજની નિરંતર સેવા કરનાર, પ્રભાવશાળી કલાકાર, માનવંતા શ્રી યોગેશભાઈ નાયકે આ કામેશ્વર સંકુલની શોભામાં અપ્રતિમ વધારો કર્યો છે એનો અમને થયેલ ઉલ્લાસ અનહદ છે.
- મૂકસેવક, સમાજસેવક, ચુસ્ત ગાંધીવાદી પૂ.કીકુબાપા તણા રચાયેલ કછોલીના સેવાતીર્થ, ગાંધીઘરના કાર્યકરોએ પણ જ્યારે જ્યારે આ સંકુલને જરૂર પડી ત્યારે ત્યારે, અર્પેલ ઉપયોગી સેવા ખૂબ જ પ્રશંસનીય રહી છે.
- આ સમગ્ર સંકુલના પ્રાકૃતિક સુશોભન માટે વિવિધ પ્રકારના અનેક ફૂલ-છોડ તથા વૃક્ષના રોપા આપનાર (૧) શ્રી અનિલભાઈ રણછોડજી, સમીરફાર્મ-ગણદેવી (૨) શ્રી શૈલેષભાઈ શિવમ્ નર્સરી-અજરાઈ (૩) ઈશ્વરભાઈ સી. પટેલ-શ્રી રામ નર્સરી-અજરાઈ (૪) શ્રી કિશોરભાઈ વશી, અમર નર્સરી ફાર્મ (૫) બીલીમોરા નર્સરી ગણદેવી રોડ (૬) અલ્કા ફાર્મ ગણદેવી (૭) શ્રી અનિલભાઈ વશી-આનંદ ફાર્મ-ધમડાછા-આપ સૌનો અત્રેનો પ્રાકૃતિક શણગાર અભિનંદનીય છે.
- સન્નારી હેતલબેન દેસાઈ, પંકજભાઈ

સોની-નિનાદ ગ્રૂપ (નવસારી)-શ્રી રવિનભાઈ દેસાઈ (દેગામ-હાલ બરોડા) આપ સૌએ આ સંકુલમાં પ્રસરાવેલ સંગીત સુરોનું ગુંજન તણી હજી પણ અહીં રણકારસભર તાગજી અનુભવાય છે.

- આ મહાન, આકર્ષક શોભા ધરાવતું સંકુલ તણી સ્થાપત્યકલાને સોળેકળાએ શણગારી તેમાં પોતાનો પ્રાણ પૂરી, તેને અનુપમ બનાવનાર, તમામ કુશળ સ્થાપત્ય કળાકારો એમાં પોતાનો પરસેવો સીંચીને અગાધ મહેનત કરનાર, તમામ શ્રમિકો આપ સૌના સામૂહિક પરિશ્રમ વડે નિર્મિત થયેલ આ અમારા આધ્યાત્મિક પદ્મના નિર્માણમાં આપનો ફાળો અભૂતપૂર્વ છે!
- છેલ્લા ૨૫ વર્ષથી ચૈત્રી નવરાત્રિવેળા તથા શક્તિનું અનુષ્ઠાનને ભજન-ભક્તિગીતોથી આ સંકુલને સુરોથી ભરી દેનાર, ગડત ગામનું ''કામેશ્વર ભજન મંડળ'' આપના આ ધાર્મિક સરો આગામી અનેક વર્ષો સુધી વહેતા રહો!
- બીલીમોરાના સોમપુરા માર્બલનો, કિફાયત ભાવે આ સંકુલને પૂરો પાડેલ લાકડાંનો જથ્થાનો સહકાર આવકારદાયક છે.
- ''આશ્રમશાળા નવાગામ'' તથા ''દુગાડિયા આરણ્યક આદિવાસી છાત્રાલય'' ના તમામ સભ્યોની અત્રે ઉજવાયેલ અવસરવેળાની સતત કાર્યરત સેવાનું મૂલ્ય અનેકગણું છે.
- આ સંકુલમાં પધારી, મોક્ષમાર્ગીઓએ અનુષ્ઠાન અને તપશ્ચર્યા કરી, આ પુનિતધામને આપસૌના ભક્તિરસથી પાવન બનાવી, અહીંની ધરા પુણ્યશાળી થઈ છે! પધારતા રહેશો!
- કામેશ્વર સંકુલ તણી હદનિશાનની વિનામૂલ્યે ઓળખ આપનાર, ગણદેવીના સર્વેયર શ્રી પરભુભાઈ ઢીંમર આપની સેવાની કદર કરીએ છીએ.
- આ શિવાલયના નવનિર્માણ કાર્યથી આરંભ કરી, ટ્રસ્ટની રચના અને ચાલુ વિકાસ કાર્યમાં સહકારસ્ત્રોત વહેવડાવનાર, નામી-અનામી એવા અનેક સજ્જનો-સન્નારીઓ આપ સૌને અમારા ખૂબ ખૂબ નમસ્કાર.
- આ સમગ્ર કાર્ય પાર પાડતાં...પાડતાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે નાણાં કે અન્ય ભૌતિક સહાય વિના પણ...વિચારવિમર્શ, સલાહસૂચન, જરૂરી તમામ માર્ગદર્શન, શ્રમદાન, સમય, શક્તિ તણું અનેકવિધ યોગદાન કરનાર હિતેચ્છુ વડીલો, યુવાનો, કિશોરો એવા આ વિભાગના તમામ સુસંસ્કૃત સભ્યોની અમે કેટલી કદર કરીએ? શબ્દ નથી મળતા! ભાવસભર નમસ્કાર!! ઉપરોક્ત આપ સૌના આ ઉમદા મહામૂલ્યવાન પ્રદાન અમે બિરદાવીએ છીએ. અને આવનારી અનંત સુવર્ણ ઘડીઓમાં આ રીતે આપ સૌ તરફથી સર્જનાત્મક, આવકારદાયક, પ્રશંસનીય, અલૌકિક, નાનો મોટો અનેક પ્રકારનો ફાળો આ કામેશ્વરસંકુલની ભાવિ અનેક મંગલ યોજનાઓમાં મળતો રહેશે, એવી લાગણીથી ભરેલી અભિલાષા પણ અત્રે પ્રગટ કરું છું, જેના વડે આ સંકુલ દ્વારા આ વિભાગ અને આપણા બૃહદ સમાજના શક્ય ઉત્કર્ષમાં આપણે બધાં, કિંચિત અમૃતધારા સીંચી શકીએ!!!

એ કાજ-

આપ સૌનો આગામી જીવનનો સુવર્ણસમૃદ્ધ જીવનપથ, સંપૂર્ણ સ્વાસ્થ્યમય, તેજોમય, ભક્તિમય, શાંતિમય, શક્તિમય, સેવામય તથા આધ્યાત્મિક તાજગીસભર બની રહો એવી-અત્યંતશીતલ, સ્નેહલ, અનંત એવી શિવશક્તિને, હૃદયના ઊંડાણભર્યા, વિનીતભાવે નીતરતી પ્રાર્થના સાથે આ કામેશ્વર સંકુલનો આત્મિક પરિવારના અમે તમામ સભ્યો, આપ સૌના ખૂબ ખૂબ ઉપકૃત છીએ!